# ઊંડો ઊંડો દરિયો

ઊંડો ઊંડો દરિયો, જાલિમ એની જાળ;
મગરમચ્છ શાં મોજાં, કાતિલ એમાં કાળ.

એનાં ખારાં પાણી ધરતીની આંખોનાં;
ડૂમો છૂટ્યા જેવા ઘૂઘવાટ ખડકોનાં;
વિષમયતાને રોકી શકશે દરિયે તાંડવ-તાલ?

ઊંડાણમાં જ્યાં મોતી, ત્યાં વડવાનલ શાને?
મરજીવા પર ક્યારે વ્હાલ થશે દરિયાને?
શમે ન દરિયે મંથન, એનો શું દેવાનો ખ્યાલ?

૦૩-૦૨-૨૦૧૧

# જે અંદરથી કાચો

જે અંદરથી કાચો
        તે રહી શકે શું સાચો?

કાચી દૃષ્ટિ ગગન ખોલતી બારીને શું કરશે?
ઊંડે ઊઠતા અવાજ તે શું કાચા કાને પડશે?
કેમ અસલના ઘરે પ્હોંચવું? નડે નકલિયો ખાંચો.

સાંઠગાંઠ ને સાટાપેટાં ત્યાં શેની સદ્ધરતા?
પડછાયા - પડઘાએ પોષી કેમ સદે પામરતા?
હવા અડકતાં તૂટી પડે એ શું કરવાનો ઢાંચો?

મીઠા જળની માછલડી તે ખારા જળમાં ટકશે?
બંજર ભોમે બીજનું દૈવત કેમ કરીને બચશે?
કળબળે કંઈ થાય નહીં એ કયા કામનો સાંચો?

૦૮-૦૯-૨૦૨૧

# એ ઢેલ ગઈ રે ઊડી...

મારાં આંસુ ઝીલનારી જે ઢેલ, ગઈ રે ઊડી!
કલા કરું શું? નથી નિકટ એ રંગરસીલી - રૂડી.

વાદળ તણખાનાં વીજ વેરે ફોરે ફોરે મોતી!
પણ ક્યાં પેલી દૃષ્ટિ, અંદરનું જે જોતી?
એકલતાના સરમાં નૌકા ટૌકાની ગઈ બૂડી!

અનેક રંગો અહીં છતાં ના પમાય એની રંગત;
હવે બચ્યું શું અંગત, જેની માણી શકાય સંગત?
ચરણ-ચાલ વિણ મૂક ઝાંઝરી નથી ઝહમ-ઝમકૂડી!

મોરપીંછની માયાવાળો ક્યાં છે હવે કનૈયો?
રાધાની ગોરસ-ગોળીમાં ઘૂમતો નથી રવૈયો!
રાસે રમતી હવા નથી જ્યાં, કેમ રમે રમતૂડી?

મારાં આંસુ ઝીલનારી એ ઢેલ ગઈ રે ઊડી.

૧૨-૩-૨૦૨૨

## મનને નથી મારવું

ભલે કરે તોફાન, મનને નથી મારવું મારે
મસ્ત નશો માયાનો, એથી નથી છૂટવું મારે.

આ પા ઓ પા હળવુંભળવું, ભૂલા પડવું જડવું,
ચડવું, પડવું, હસવું રડવું, મળવું અને બિછડવું,
નાળ ધરાની તૂટે એવું નથી ઊડવું મારે.

બંધાવાની બીક છતાંયે ગમે ઘરે ઠરવાનું;
ભલે એક હું, અનેકમાં અહીં ચાહું વિસ્તરવાનું;
પ્રેમ ભલે ને સજા, વેઠતાં સુખ માનવું મારે.

એક મળ્યો ચકડોળ, નિરંતર ચક્કર ચક્કર ફરવું;
એવો એક સમંદર જેમાં ડૂબતાં પાર ઊતરવું;
પીઠ પર ભાર છતાં ટટ્ટાર ચાલવું મારે.

૧-૪-૨૦૨૨

# તારા ઘરના વાસી

(ગાન)

ઘૂમીએ દેશવિદેશ ભલે પણ તારા ઘરના વાસી;
તું છે એવો નિકટ અમારે અહીં દ્વારકા-કાશી!

મોતીચારો ચરનારાં તે અમે, નથી કંઈ બગલાં;
અનેક પંથો, બધે નિહાળ્યાં તારાં પ્રકાશ-પગલાં;
તારો રસ પીવાને ઘટ-ઘટ કેવા અમે પિયાસી!
ઘૂમીએ દેશવિદેશ ભલે છતાં પણ તારા ઘરના વાસી;

સ્થળ-જળ-વાયુ સૌમાં તારી ગતિ ગહન શી ભાળી!
તારી માયાની વિસ્તરતી છાયા કશી નિરાળી!
આખી દુનિયા ઉઘાડ તારો તેના નિત્ય-પ્રવાસી!
ઘૂમીએ દેશવિદેશ ભલે છતાં પણ તારા ઘરના વાસી;

# ગમે શિયાળુ તડકો!

ગમે શિયાળુ તડકો,
લાડુ સાથે ગરમ દાળનો જેવો હોય સબડકો!

કૈલાસેથી શિવના તપની ઉષ્મા સ્પર્શે જાણે!
માતાની છાતીની હૂંફ શું તનમન બંને માણે!
સૂરજ શિયાળે અચ્છો લડકો! રમીએ અડકોદડકો!

ચંદન જેમ ઉનાળે, તડકો ગમતો એમ શિયાળે!
ઠંડીને વળગીને તડકો મલકે વ્હાલે વ્હાલે!
શરારતી થઈ તડકો કેવો મને ભેટવા અડકયો!

શિયાળાની ડોકે સગડી તડકો લાગે એવો!
ફૂલ ખીલવી શૈશવ-ગાલે તડકો મલકે કેવો!
શેડકડું દૂધ પીવા અહીં શું આવ્યો છે ફક્કડ કો!

૩૦-૧-૨૦૨૩

## સૂર - શબ્દનો ખેલ

સૂર-શબ્દને મુખની સાથે
 કેવો મીઠો મેળ!
મન ખૂલતાં-ખીલતાં જ થાય છે
 શરૂ એમનો ખેલ!

બાળક હીંચે હાલરડે તો
 હાલરડાનું ગાન;
હીંચે રાધાકૃષ્ણ, ગવાતું
 હિંડોળાનું ગાન.

ફાગ - ફાગણે રસિયા સાથે,
 વાસંતી રસ - ગાન;
ઉત્સવ - ગીતો ઋતુ - ગીતોમાં
 રહે ઘણા ગુલતાન.

નવરાત્રિમાં ગરબી - ગરબા,
 શરદપૂનમમાં રાસ;
ભજનગીતો ને કીર્તન સાથે
 થાળ - આરતી ખાસ.

થાય સવાર પ્રભાતિયાથી
 રામધૂનથી રાત;
રાષ્ટ્રગાનમાં સૂર પૂરતી
 સરસ્વતી સાક્ષાત્!

૧૯-૫-૨૦૨૩

## આ દુનિયાનો આંટો મારો

હું છું તારી માટી, ચાહે જેમ એમ તું ઢાળ;
તારો છું હું છોડ, વાળવો હોય તેમ તું વાળ.

તારા જળમાં પગ મૂક્યો છે, ડૂબાડ અથવા તાર;
મારે શિર મેં ઘણું ચઢાવ્યું, ઉતાર મારો ભાર.

હું છું તારું મોટું જોખમ, મને હવે સંભાળ;
પાણી ના વહી જાય, બાંધ તું મારી ફરતે પાળ.

તારો કૂવો, તારું પાણી, મારી કેવળ હેલ;
તરસ્યો પામે જળ મારાથી, એવો ગોઠવ મેળ.

જેમ રમાડ્યો તેમ રમ્યો, છે હજુ હોંશ ને હામ;
અંતે મારો તું જ વિસામો, મારો ત્યાં જ વિરામ.

છલકાવી દે ઘટ મારો આ, વરસી તારું વ્હાલ;
આ દુનિયાનો આંટો મારો થયો લાગશે ન્યાલ.

૫-૬-૨૦૨૩

# ધન્ય થવું છે

દૂધમાં સાકર ભળે એમ હું સૌની સાથે ભળું;
વાજા સાથે સૂર મળે છે એમ બધાને મળું!

સૌની સાથે ઝરમર ઝીલવા છત્રીને હું છોડું;
મશાલ થઈને સૌને ઉજાશ-હૂંફ આપવા દોડું;
સૌને દેવાં ફૂલ અને ફળ, બાગબગીચે વળું!

ધોમ ધખે ત્યાં સૌને દેવા ચંદન મેળવવું છે;
લીમડીને પણ છાયા દેવા ઘર-આંગણ ઢળવું છે;
ધન્ય થવું છે મારે અહીંયાં કરી બધાંનું ભલું!

૨૫-૬-૨૦૨૩

# એના અમે જ તાર

માતા સરસ્વતીની વીણા,
　　　એના અમે જ તાર,
એના અંગુલિ-સ્પર્શે ઊઠે
　　　કર્ણમધુર રણકાર!

એના ઉરે અગમ અગોચર
　　　ઊઠે અનહદ નાદ,
તેનો તારે તાર અમારે
　　　રણકે સૂર - સંવાદ!
સ્વરગંગાનો વ્યાપે કેવો હવા મહીં ગુંજાર!

નવે ગ્રહોના નિગૂઢ મંત્રનો
　　　પ્રાણ મહીં પરિસ્પંદ
વેદ વાકની અમિયલતાનો
　　　છલકે છાનો છંદ!
તારે તારે સરસ્વતીનો શિવમય શો સંચાર!

૧૧-૭-૨૦૨૩

# - હું તો ચાહું -

હું તો ચાહું તારાં વધે જ આન બાન ને શાન;
ચાહું રૂડી રીતે તારું સમય કરે સન્માન.

તારી પ્રસન્નતાનું હું તો દર્પણ થઈને રાચું;
તારી કલમે જે જે ઊતરે, ખૂબ ભાવથી વાંચું;
તારી આંખો સદાય મારું સપનું પાડે સાચું!
હું તો રણ, ત્યાં વનનું તારું વહે વસંતલ ગાન!

તું ચીંધે ત્યાં શુભ જોઉં હું, તારા પગલે લાભ;
તારી છાયા મહીં ઊઘડતું શુકનવંત નીલ આભ!
તારા જળમાં હરિયાળો શો દીપે મારો દાભ!
ચાહું તારા દ્વારા હરિવર રાખે મારું ધ્યાનઃ
 ખરું એ વ્હાલપનું વરદાન!

૧૪-૯-૨૦૨૩

# આ દુનિયાએ અઢળક દીધું...

આ દુનિયાએ અઢળક દીધું,
એને કાજ શું કરું?
એણે સ્નેહે સતત સાચવ્યો,
એને પદ શું ધરું?

સાત સિન્ધુના જળથી જેણે
મારો ઘટ છલકાવ્યો;
બારી-બાર ઉઘાડી જેણે
ગગનગૅબ દિખલાવ્યો!
એની પૂજા કેમ કરું હું? પુષ્પે પુષ્પે પમરું!

અજબ ગજબનાં ખેલ ખેલતાં
જેના થકી ઘડાયો.
ખરો ખજાનો ચીંધ્યો.
મારી માટી તળે દબાયો
દુનિયાના દૈવતથી મારું ભીતર કેમ ન ભરું?

૨૪-૯-૨૦૨૩

## બ્હાર હતી એ બ્હાર!

મેં તો માન્યું અંદર છે એ,
        બ્હાર હતી એ બ્હાર!
નહીં મળાયું, નહીં વાત થઈ,
        નીકળી બારોબાર!

એ લાવી જે બીજ હોંશથી,
        ખેતર ખેડી વાવ્યાં;
ઉત્તમ ખાતર-પાણી દીધાં,
        સરસ ફૂલ - ફળ આવ્યાં.
ફૂલ - ફળ છાબે અલગ જ એનો
        ચાલ્યો કારોબાર!

ખુલ્લાં રાખી પાનાં એની
        બાજી મેં જ જિતાડી,
જીવતરની જાત જુદેરી,
        એણે કરી ઉઘાડી!
એણે મારું બધું જમા લઈ
        રાખ્યો મને ઉધાર!

૨૫-૧૦-૨૦૨૩

## ખબર મને ના

હવે જઈશ ક્યાં એની કશીયે ખબર મને ના;
હવે થઈશ શું એની કશીયે ખબર મને ના.

રળી શક્યો જે કશું મને તે કામ ન આવે;
જે જે મળ્યું નહીં તે પણ ના હવે કશુંય સતાવે!

ખૂલશે અવ વિસ્તાર અજાણ્યો...
પગલું યે ત્યાં કેમ મૂકાશે, ખબર પડે ના!
તૈયારી ત્યાં કરવાની શી, ખબર પડે ના!

જૂની જે જે પડી આદતો તે નહીં ચાલે;
ગાડી નહીં રોકાય હવે ઊતરતા ઢાળે;
નવા નવા ને નવા આવતા દેશ,
ઘર છોડી ઝટ કેમ નીકળવું બ્હાર એની ખબર પડે ના;
કેમ ઉતારીશ પંડે લાગ્યો ભાર? એની ખબર પડે ના!

કાળી ચૌદશ
૧૦-૧૧-૨૦૨૩

# કોની હસ્તી?

કોની હસ્તી મારી અંદર રહી સતત પમરતી?
કોની તીખી મસ્તી તાજપ મારામાં મધુ-ઝરતી?
　　મારા શબ્દો કોના ગેબી
　　　　સૂર મને સંભળાવે?
　　કોની દૃષ્ટિ રંગોનું જે રાઝ
　　　　મને બોલાવે?
કોનો શશિયર મારી અંદર લાવ્યા કરતો ભરતી?
　　કોના સ્પર્શે મારી માટી
　　　　માખણ સરખી લાગે?
　　કોના ટહુકે ઘરમાં સૂતું
　　　　મારું સવાર જાગે?
કોના પગલે મારી અંદર રૂમઝૂમ કમાલ કરતી?
　　કોનો દીવો ભેદ-ભોંયરાં
　　　　અંદરના દિખલાવે?
　　કોણ ગુલાબો વેરી,
　　　　કાંટાળે પથ મને ચલાવે?
કોના ઈલમે આખી દુનિયા લાગે વ્હાલ-નીતરતી?

# એવી સફર સુહાની હો!

એવી સફર સુહાની હો તમ થાય પ્રફુલ્લિત પ્રાણ!
ગહન - સરળ ને સહજ તમારું હો ભીતર ભવ - ભાન!

કાંટા વેઠી વેઠી ગુલાબ ખૂબ ખિલાવ્યાં તમે;
સહી સહી કટુતા, કરુણાનાં ઝરણ વહાવ્યાં તમે;
વીજ - વાદળે વરસી તન - મન - તાપ સંહર્યા તમે;
ઝાંખરા વચ્ચે સાંખુ નહીં તમારું સ્થાન!

ગાય તમારું પંખી, ત્યાં ના કોઈ પિંજરું ચાલે;
તારામૈત્રક હોય તેમને બંધિયારતા સાલે;
તેજ તમારાં પગલાં પંથ અમારે યે અજવાળે;
ખુદાઈને ખિદમતની મંજિલનું તમને છાજે માન!

૨૯-૧૧-૨૦૨૩

## અખંડતાનો ખેલ

ખંડ ભલે ને અલગ, આપણો અખંડતાનો ખેલ;
        આપણો અખિલાઈનો ખેલ.
સૂર ભલે ને અલગ, આપણો એક રાગમાં મેળ;
        આપણો સૌની સાથે સુમેળ.

જુદી જુદી ચાલ આપણી,
        દિશા-પંથ તો એક;
ચિત્ર આપણું એક, ભલે ને
        એમાં રંગ અનેક;
એકબીજામાં રહીએ હરદમ, ક્યાંથી પછી અકેલ?

ભલે આપણા દીવા જુદા,
        એક જ બધે ઉજાશ;
ભલે આપણાં મંદિર જુદાં,
        એક દેવનો વાસ;
ઘટ જુદા પણ અરસપરસની એક જ શી રસરેલ!